RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-09
September-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# અમદાવાદ જિલ્લાના સુક્ષ્મ ઉદ્યોગોનું રોજગારીને આધારે વિશ્લેષણ

[*1]પ્રા. ઝાહીદહુસેન શેખ, [2]ડૉ. એન. આર.શાહ

[*1]Asst. Prof., Smt. M.P. Patel College of Commerce, Kadi, Gujarat (India)
[2]Asst. Prof., Department of Economics, Saurashtra University, Rajkot, Gujarat (India)

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 07 September 2018

**Keywords**
આર્થિક વિકાસ, સુક્ષ્મ ઉદ્યોગો, વિચલન, મધ્યસ્થ

***Corresponding Author**
Email: *shaikhzahidhusen[at]gmail.com*

**ABSTRACT**

અમદાવાદ જિલ્લાના ૧૧ તાલુકા માટે તેના સુક્ષ્મ કદના ઉદ્યોગોનો વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ના સમયગાળા માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો જે અમદાવાદ જિલ્લાના આર્થિક વિકાસમાં સુક્ષ્મ ઉદ્યોગોની ભૂમિકા જાણવા મદદરૂપ થશે. પ્રસ્તુત અભ્યાસમાં સુક્ષ્મ ઉદ્યોગોનું રોજગારીમાં પ્રદાન અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકામાં સમયાંતરે વધ્યું છે કે કેમ તેનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે માટે પ્રમાણિત વિચલન, મધ્યસ્થ અને ચલનાંક જેવા આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૧.૧ પ્રસ્તાવના

ગુજરાત ભારતના ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે અને " Growth Engine" તરીકેની ઓળખ ઊભી કરી છે. ગુજરાતની પ્રજા વેપાર વાણિજ્ય ક્ષેત્રે આગળ રહી છે તેમજ તેમનામા ઉદ્યોગ સાહસિકતા રહેલી છે જેને કારણે તેઓ ઉદ્યોગો સ્થાપી સ્વરોજગારીનું સર્જન કરે છે તેમજ અન્યોને પણ રોજગારી પૂરી પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં સુક્ષ્મ ઉદ્યોગોમાં રોજગારીનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૧.૨ સુક્ષ્મ ઉદ્યોગોનું મહત્વ

વિકાસશીલ દેશો સામાન્ય રીતે બેરોજગારી, વસ્તી વૃધ્ધિ જેવી સમસ્યાઓનો સામનો કરતાં હોય છે તેમજ મૂડી રોકાણનો પ્રશ્ન પણ સતાવતો હોય છે. સૂક્ષ્મ ઉદ્યોગો વિકાસશીલ દેશોની આ સમસ્યા દૂર કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. સુક્ષ્મ ઉદ્યોગો ઓછા મૂડીરોકાણથી શરૂ કરી શકાય છે અને સામાન્ય રીતે શ્રમ પ્રધાન પધ્ધતિનો ઉપયોગ કરતાં હોવાથી વધુ પ્રમાણમા રોજગારીનું સર્જન કરે છે. અર્થતંત્રની બેરોજગારીની સમસ્યા દૂર કરવામાં ઉપયોગી છે આ ઉપરાંત ઓછા ખર્ચે ઉત્પાદન, કુદરતી સંશાધનનો ઉપયોગ, સમતોલ આર્થિક વિકાસ વગેરે બાબતમાં મહત્વનુ યોગદાન આપે છે.

## ૧.૩ ઉદ્દેશ

૧. સુક્ષ્મ ઉદ્યોગોમાં તાલુકા કક્ષાએ રોજગારી તપાસવી.
૨. સુક્ષ્મ ઉદ્યોગોમાં રોજગારીનો સમય આધારિત અભ્યાસ કરવો.

## ૧.૪ સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ

**કોષ્ટક : ૧.૧ (A) અમદાવાદ જીલ્લાના તાલુકાનો સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ (વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬)**

| કુલ રોજગારી | ૨૦૦૭ | % | ૨૦૦૮ | % | ૨૦૦૯ | % | ૨૦૧૦ | % | ૨૦૧૧ | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૫૦૨૨ | ૦.૮૮ | ૧૬૯૭૦ | ૨.૯૭ | ૨૮૯૨૩ | ૫.૦૬ | ૩૯૩૨૬ | ૬.૮૮ | ૫૧૫૦૦ | ૯.૦૧ |
| બાવળા | ૯૧ | ૨.૯૨ | ૭૩ | ૨.૩૪ | ૧૬૫૯ | ૫૩.૨૧ | ૨૦૫ | ૬.૫૮ | ૦ | ૦ |
| દસ્ક્રોઈ | ૧૮૨ | ૫.૧૬ | ૭૬૦ | ૨૧.૫૩ | ૧૦૨૮ | ૨૯.૧૩ | ૨૨૯ | ૬.૪૯ | ૩૯ | ૧.૧૧ |
| ધોળકા | ૩ | ૦.૧૮ | ૧૨૫ | ૭.૬૮ | ૪૧૮ | ૨૫.૬૭ | ૧૨૮ | ૭.૮૬ | ૮૩ | ૫.૧ |
| સાણંદ | ૩૩૧ | ૪.૫૮ | ૧૧૩૦ | ૧૫.૬૪ | ૧૭૪૫ | ૨૪.૧૬ | ૭૫૨ | ૧૦.૪૧ | ૯૦ | ૧.૨૫ |
| રાણપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૫.૧૭ | ૫૫ | ૯૪.૮૩ | ૦ | ૦ |
| વિરમગામ | ૦ | ૦ | ૩૬ | ૧૧.૧૭ | ૫૮ | ૧૮. | ૧૦ | ૩.૧ | ૦ | ૦ |
| દેત્રોજ-રામપુરા | ૦ | ૦ | ૪૮ | ૧૭.૪૫ | ૧૩૩ | ૪૮.૩૬ | ૯૧ | ૩૩.૦૯ | ૩ | ૧.૦૯ |
| ધંધુકા | ૦ | ૦ | ૧૧ | ૨.૬૯ | ૩૬૮ | ૮૯.૮૪ | ૮ | ૧.૯૫ | ૦ | ૦ |
| માંડલ | ૦ | ૦ | ૨૯ | ૫૭.૭૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | ૫૬૨૯ | ૦.૯૬ | ૧૯૧૮૨ | ૩.૨૬ | ૩૪૩૩૫ | ૫.૮૪ | ૪૦૮૦૪ | ૬.૯૩ | ૫૧૭૧૫ | ૮.૭૯ |

© RRIJM 2015, All Rights Reserved 

**કોષ્ટક : ૧.૧(B) અમદાવાદ જીલ્લાના તાલુકાનો સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ (વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬)**

| કુલ રોજગારી | ૨૦૧૨ | % | ૨૦૧૩ | % | ૨૦૧૪ | % | ૨૦૧૫ | % | ૨૦૧૬ | % | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૬૯૧૩૭ | ૧૨.૦૯ | ૮૪૯૯૩ | ૧૪.૮૬ | ૮૮૩૯૩ | ૧૫.૪૬ | ૯૧૯૨૮ | ૧૬.૦૮ | ૯૫૬૦૬ | ૧૬.૭૨ | ૫૭૧૭૯૭.૭૧ |
| બાવળા | ૭ | ૦.૨૨ | ૨૫૫ | ૮.૧૮ | ૨૬૫ | ૮.૫૧ | ૨૭૬ | ૮.૮૫ | ૨૮૭ | ૯.૨ | ૩૧૧૭.૮૫ |
| દસ્ક્રોઈ | ૧૪૯ | ૪.૨૨ | ૨૬૯ | ૭.૬૨ | ૨૮૦ | ૭.૯૩ | ૨૯૧ | ૮.૨૪ | ૩૦૩ | ૮.૫૭ | ૩૫૨૯.૩ |
| ધોળકા | ૨૬ | ૧.૬ | ૧૯૯ | ૧૨.૨૨ | ૨૦૭ | ૧૨.૭૧ | ૨૧૫ | ૧૩.૨૨ | ૨૨૪ | ૧૩.૭૫ | ૧૬૨૮.૦૫ |
| સાણંદ | ૧૯૪ | ૨.૬૯ | ૭૦૨ | ૯.૭૨ | ૭૩૦ | ૧૦.૧૧ | ૭૫૯ | ૧૦.૫૧ | ૭૯૦ | ૧૦.૯૩ | ૭૨૨૩.૦૨ |
| રાણપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ |
| વિરમગામ | ૧૩ | ૪.૦૩ | ૧૮ | ૫.૫૮ | ૬૦ | ૧૮.૬૨ | ૬૨ | ૧૯.૩૬ | ૬૫ | ૨૦.૧૪ | ૩૨૨.૩ |
| દેત્રોજ-રામપુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭૫. |
| ધંધુકા | ૦ | ૦ | ૭ | ૧.૭૧ | ૫ | ૧.૨૨ | ૫ | ૧.૨૭ | ૫ | ૧.૩૨ | ૪૦૯.૬૧ |
| માંડલ | ૦ | ૦ | ૫ | ૯.૯૫ | ૫ | ૧૦.૩૫ | ૫ | ૧૦.૭૭ | ૬ | ૧૧.૨ | ૫૦.૨૩ |
| બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧. |
| **કુલ** | ૬૯૫૨૬ | ૧૧.૮૨ | ૮૬૪૪૮ | ૧૪.૬૯ | ૮૯૯૦૬ | ૧૫.૨૮ | ૯૩૫૦૨ | ૧૫.૮૯ | ૯૭૨૪૨ | ૧૬.૫૩ | ૫૮૮૪૧૨.૦૬ |

***સ્રોત: Industrial Commissionarate Govt. of Gujarat***

**૧.૪.૧ અમદાવાદ શહેરમાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

કોષ્ટક: ૧.૧(A તથા B) વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ માટે રોજગારી લક્ષી વિગતો દર્શાવે છે તે માટે પ્રત્યેક તાલુકા પ્રમાણે વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૭ સુધી કુલ ૫૬૨૯ લોકો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા હતા. આ વર્ષે કુલ 0.0૯% લોકો રોજગારી ધરાવતા હતા. તેમાં સૌથી વધુ સૂક્ષ્મ એકમો કામદારોનો દર અમદાવાદ શહેર માટે નોંધવામાં આવ્યો હતો. ૨૦૦૭ના વર્ષ દરમિયાન અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમોમાં કુલ ૫૦૨૨ કારીગરો નોંધવામાં આવ્યા હતા. જે છેલ્લા દસ વર્ષના કુલ કારીગરોની સંખ્યાના 0. ૮૮% જેટલા હતા. વર્ષ ૨૦૦૮માં પાછલા વર્ષની સરખામણીમાં ૧૧૯૪૮ કારીગરો વધારે નોંધવામાં આવ્યા હતા. આમ, ૨૦૦૮માં કુલ ૧૬૯૭૦ કારીગરો સૂક્ષ્મ એકમોમાં કાર્યરત હતા જે કુલ કારીગરોના ૨.૯૭% જેટલું પ્રમાણ ધરાવતા હતા. વર્ષ ૨૦૦૯ દરમિયાન ૨૮૯૨૩ કારીગરો સૂક્ષ્મ એકમોનો કાર્યભાર સાંભળતા હતા. પાછલા વર્ષની સરખામણીમાં ૨.૦૯% જેટલો વધારો થવા પામ્યો હતો. આમ, ૨૦૦૭ થી ૨૦૦૯ના વર્ષ દરમિયાન રોજગારીની બાબતમાં અમદાવાદ શહેરી વિસ્તાર પ્રગતિ કારક રહ્યો હતો. પ્રતિ વર્ષ વધતી રોજગારી આર્થિક ઉપાર્જન માટે અને આર્થિક ઉપાર્જન જીલ્લા  કક્ષાએ આર્થિક બાબતોમાં નોંધપાત્ર વધારો સૂચવે છે. વર્ષ ૨૦૧૦માં સૂક્ષ્મ એકમોમાં કાર્યરત રોજગારીની સંખ્યા ૩૯૩૨૬ હતી. જે  આ વર્ષે પણ વધવા પામી હતી. ગત વર્ષ કરતાં આ વર્ષે ૧.૫૨% જેટલો વધારો થવા પામ્યો હતો. આ વર્ષે છેલ્લા દસ વર્ષના અભ્યાસમાં લેવાયેલા કારીગરોની સંખ્યાના ૬.૮૮% રોજગારી અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમો દ્વારા નોંધવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૧ દરમિયાન ૫૧,૫૦૦ કામદારો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા હતા જે કુલ કારીગરોના ૯.0૧% જેટલો હિસ્સો નોંધાવે છે. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં આ વર્ષે ૨.૧૩ જેટલો હિસ્સો નોધાવે છે. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં આ વર્ષે ૨.૧૩% જેટલો હિસ્સો વધવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૨ દરમિયાન રોજગારીનો આંક ૬૯૧૩૭ હતો જે કુલ કારીગરોના ૧૨.0૯% જેટલો હિસ્સો જણાય છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પણ સૂક્ષ્મ એકમોમાં રોજગારીની તકો વધવા પામી હતી. આ વર્ષે ૩.0૮% જેટલો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૩ દરમિયાન અમદાવાદ શહેરી વિસ્તાર માટે સૂક્ષ્મ એકમોના કારીગરોની સંખ્યા ૮૪૯૯૩ થવા પામી હતી જે આ વર્ષે કુલ કારીગરોના ૧૪.૮૬% જેટલું પ્રમાણ દર્શાવે છે. આ વર્ષ પાછલા છ વર્ષની સરખામણીમાં સૌથી મોટી હિસ્સેદારી નોંધવામાં આવી હતી. આ વર્ષે પાછલા વર્ષની સરખામણીમાં ૨.૭૭% જેટલો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૪માં કુલ ૮૮૩૯૩ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા હતા. જે કુલ કારીગરોના ૧૫.૪૬% જેટલી હિસ્સેદારી નોંધાવતાં હતા. ગત વર્ષની સરખામણીમાં 0.૬0% જેટલો વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૧૫ માટે સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા કારીગરોની સંખ્યા ૯૧૯૨૮

© RRIJM 2015, All Rights Reserved

હતી જે કુલ કારીગરોના ૧૬.૦૮% જેટલી નોંધાયેલ હતી. આ વર્ષે પણ સૂક્ષ્મ એકમો રોજગારીની બાબતમાં ગતિશીલ રહ્યા હતા. અભ્યાસ હેઠળનું છેલ્લું વર્ષ ૨૦૧૬ માટે કુલ ૯૫૬૦૬ સૂક્ષ્મ એકમોના કારીગરો નોંધવામાં આવ્યા હતા જે ૧૬.૭૨% જેટલો ફાળો નોંધાવે છે. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૦.૬૪% જેટલી વૃધ્ધિ થવા પામી હતી. ઉપરોક્ત વિગતવાર અભ્યાસ અમદાવાદ શહેરી વિસ્તાર સૂક્ષ્મ એકમોમાં હાથ ધરવામાં આવ્યો હતો. સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા રોજગારીનો અભ્યાસ કરતાં જણાય છે કે છેલ્લા દસ વર્ષમાં અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમો વૃધ્ધિમય બન્યા છે. પ્રત્યેક વર્ષ માટે રોજગારીની વધુ ને વધુ તકો નોંધવામાં આવી છે. આમ, વધુ રોજગારીની તકો એ વિકાસ તરફ આંગુલીનિર્દેશ છે તે પરથી તારવી શકાય કે જીલ્લા કક્ષાએ અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમો સતત વૃધ્ધિમય રહ્યા છે.

**૧.૪.૨ બાવળા તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

બાવળા તાલુકાનાં સૂક્ષ્મ એકમોનો અભ્યાસ રોજગારી માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ માટે તારવવામાં આવી છે. વર્ષ ૨૦૦૭ દરમિયાન સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલ કારીગરોની સંખ્યા ૯૧ હતી જે કુલ રોજગારીના ૨.૯૨% જેટલી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં સૂક્ષ્મ એકમોના કારીગરોની સંખ્યા ઘટવા પામી હતી. આ વર્ષે ૭૩ કારીગરો નોંધવામાં આવ્યા હતા જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૮ જેટલી રોજગારીની તકોનો ઘટાડો સૂચવે છે. આમ, આ વર્ષે ૨.૩૪% જેટલી હિસ્સેદારી કુલ કારીગરોની સંખ્યામાં નોંધવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૧૬૫૯ રોજગારીની તકો નોંધવામાં આવી હતી. જે ૫૩.૨૧% હતી. વર્ષ ૨૦૦૮ ની સરખામણીમાં આ આંક ખુબજ ઊંચો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૦ દરમિયાન કુલ ૨૦૫ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા હતા. જે કુલ કારીગરોના ૬.૫૮% જેટલા નોંધવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૧ દરમિયાન સૂક્ષ્મ એકમોના કારીગરો બાબતે કોઈજ નોંધપાત્ર વધારો જોવા મળ્યો ન હતો. વર્ષ ૨૦૧૨ દરમિયાન ૭ રોજગારી નોંધવામાં આવી હતી જે ૦.૨૨% જેટલી હિસ્સેદારી દર્શાવે છે. વર્ષ ૨૦૧૩ માટે કુલ ૨૫૫ કારીગરો સૂક્ષ્મ એકમો દ્વારા પોષવામાં આવતા હતા જે ૮.૧૮% જેટલા થવા પામ્યા હતા. વર્ષ ૨૦૧૪ માટે ૧૦ તકો વધવા પામી હતી. તથા આ વર્ષે કુલ ૨૬૫(૮.૫૧%)જેટલો તકોના વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૧૫ દરમિયાન ૨૭૬ (૮.૮૫%) જેટલી રોજગારી તથા વર્ષ ૨૦૧૬ માટે ૨૮૭( ૯.૨૦%) હિસ્સેદારી નોધવામાં આવી હતી. આમ, વર્ષ ૨૦૧૨ પછી સૂક્ષ્મ એકમોની રોજગારીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

**૧.૪.૩ દસ્ક્રોઈ તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬માટે દસ્ક્રોઈ તાલુકાનો સૂક્ષ્મ એકમો દ્વારા આપવામાં આવેલી રોજગારી માટેની માહિતી કોષ્ટક ૧.૧ (A તથા B) માં રજૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૭ માટે કુલ ૧૮૨ કારીગરો સૂક્ષ્મ એકમો હેઠળ નોંધવામાં આવ્યા હતા જે કુલ કારીગરોના ૫.૧૬% હતા. વર્ષ ૨૦૦૮ દરમિયાન ૭૬૦ કારીગરો સૂક્ષ્મ એકમમાં રોજગારી પામ્યા હતા જે ૨૧.૫૩% જેટલી હિસ્સેદારી આપતા હતા. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૧૦૨૮ રોજગારી પૂરી પાડવામાં આવી હતી. જે ૨૯.૧૩% ફાળો નોંધાવતાં હતા. આમ, વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી સૂક્ષ્મ એકમો દ્વારા રોજગારી માટે ઉત્તરોત્તર વધારો નોધવામાં આવ્યો હતો. ત્યારબાદ નાણાકીય વર્ષ ૨૦૧૦ દરમિયાન ૨૨૯ રોજગારી પૂરી પાડવામાં આવી હતી. આ આંક કુલ કારીગરોના ૬.૪૯% જેટલી હતી. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે રોજગારીનો આંક ઓછો નોધવામાં આવ્યો છે. સૂક્ષ્મ એકમો દ્વારા આર્થિક ઉપાર્જનના સ્ત્રોતમાં ઘટાડો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ૨૦૧૧ દરમિયાન માત્ર ૩૯ રોજગારીના સ્રોત ઊભા થવા પામ્યા હતા. જે ૧.૧૧% જેટલો ફાળો નોંધાવતાં હતા. પ્રાપ્ત માહિતી આધારે જોઈ શકાય કે વર્ષ ૨૦૧૦ તથા ૨૦૧૧ દરમિયાન સૂક્ષ્મ એકમો આર્થિક રીતે પીસયા હતા. અને પરિણામ સ્વરૂપ રોજગારીમાં પાછળ રહ્યા હતા. વર્ષ ૨૦૧૨માં કુલ ૧૪૯ ( ૪.૨૨%) જેટલી તકો નોંધવામાં આવી હતી. ગત બે વર્ષની સરખામણીમાં આ વર્ષે રોજગારી બાબતે એકમો પ્રગતિશીલ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં ૨૬૯(૭.૬૨%) જેટલો આંક થવા પામ્યો હતો. જે દર્શાવે છે કે આ વર્ષે કુલ રોજગારીમાં ૩.૪% જેટલો વધારો થાવા પામ્યો હતો.

વર્ષ ૨૦૧૪ દરમિયાન અન્ય ૧૧ નવી તકો સર્જવામાં આવી હતી તે સ્વરૂપે વર્ષ ૨૦૧૪માં કુલ ૨૮૦ રોજગારી સૂક્ષ્મ એકમો દ્વારા ઊભી કરવામાં આવી હતી જે કુલ કારીગરોના ( ૭.૯૩%) જેટલી હતી. વર્ષ ૨૦૧૫માં દસ્ક્રોઈ તાલુકામાં ૨૯૧ (૮.૨૪%) રોજગારી નોંધવામાં આવી હતી. આ વર્ષે પણ પ્રગતિકારક આંક આર્થિક વિકાસમાં જોવા મળ્યો હતો. અભ્યાસના છેલ્લા વર્ષ ૨૦૧૬ માટે પણ કુલ ૧૨ જેટલી રોજગારીની નવી તકો સાંપડી હતી અને કુલ ૩૦૩ કારીગરો સૂક્ષ્મ એકમોમાં કાર્યરત નોંધવામાં આવ્યા હતા જે કુલ કારીગરોના ૮.૫૭% જેટલા હતા.

દસ્ક્રોઈ તાલુકામાં રોજગારીના અભ્યાસના તારણો દર્શાવે છે કે વર્ષ ૨૦૧૦ તથા ૨૦૧૧ દરમિયાન આર્થિક ઉપાર્જનના સાધન મેળવવામાં સૂક્ષ્મ એકમો પાછળ રહ્યા હતા તથા શરૂઆતના તબક્કામાં રોજગારીલક્ષી જેટલી તકો ઊભી કરવામાં સફળ હતા તેની સરખામણીમાં પાછલા વર્ષોમાં પ્રગતિનો આંક ધીમી ગતિથી વિકાસ તરફ ડગ માંડી રહ્યો છે.

**૧.૪.૪ ધોળકા તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

સૂક્ષ્મ એકમો દ્વારા સર્જવામાં આવતી રોજગારીનો અભ્યાસ ધોળકા તાલુકા માટે કરતાં તેની વિગતો વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ માટે કોષ્ટક ૧.૧(A તથા B)માં રજૂ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૭ દરમિયાન મેળવાયેલ માહિતી અનુસાર માત્ર ૩ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે કાર્યરત હતા. જે વર્ષ ૨૦૦૮માં ૧૨૫ જેટલા નોંધાયેલ છે. આમ, વર્ષ ૨૦૦૭માં કુલ કારીગરોના ૦. ૧૮% તથા વર્ષ ૨૦૦૮માં ૭.૬૮% જેટલો ફાળો સૂક્ષ્મ એકમો દ્વારા નોંધવામાં આવેલો. વર્ષ ૨૦૦૯માં કુલ ૪૧૮ રોજગારી સૂક્ષ્મ એકમો દ્વારા પૂરી પાડવામાં આવી હતી જે ૨૫.૬૭% હિસ્સેદારી નોંધાવે છે. વર્ષ ૨૦૧૦ દરમિયાન પાછલા વર્ષની સરખામણીમાં રોજગારીનો આંક ઘટવા પામ્યો હતો તથા આ વર્ષે ૧૨૮ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા હતા જે કુલ કારીગરોના ૭.૮૬%

© RRIJM 2015, All Rights Reserved

હતા. વર્ષ ૨૦૧૧ દરમિયાન ૮૩ કારીગરો સૂક્ષ્મ એકમો દ્વારા પોતાનો નિર્વાહ ચલાવતા જોવા મળ્યા હતા જે ૫.૧% જેટલી હિસ્સેદારી ધરાવે છે. આમ, વર્ષ ૨૦૦૯ બાદ ૨૦૧૦ની સરખામણીમાં આ વર્ષે આ આંક ઘટવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૨ દરમિયાન પણ રોજગારીમાં વધુ ઘટાડો થતાં આંક ૨૬ થવા પામ્યો હતો. આમ, ૨૦૦૯ના વર્ષ પછી સતત ત્રણ વર્ષ સુધી સૂક્ષ્મ એકમો દ્વારા નબળી કાર્યદક્ષતા નોંધાવવામાં આવી હતી. આ ત્રણ વર્ષો દરમિયાન સૂક્ષ્મ એકમો આર્થિક બાબતોમાં પાછળ રહ્યા હશે તેવું તારણ મેળવી શકાય. વર્ષ ૨૦૧૩ દરમિયાન કુલ ૧૯૯ રોજગારીઓ ઊભી થવા પામી હતી. વર્ષ ૨૦૦૯ પછીના ચોથા વર્ષે સૂક્ષ્મ એકમો ગતિશીલ બન્યા હોય તેમ નોંધાય છે. આ વર્ષે કુલ કારીગરોના ૧૨.૨૨% હિસ્સેદારી નોંધવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪ દરમિયાન ૨૦૭, વર્ષ ૨૦૧૫ માટે ૨૧૫ તથા વર્ષ ૨૦૧૬ માટે ૨૨૪ રોજગારી પૂરી પાડવામાં આવી હતી. આમ, પ્રાપ્ત માહિતી આધારે કહી શકાય કે વર્ષ ૨૦૧૩ થી સૂક્ષ્મ એકમોમાં રોજગારી માટે સતત પ્રગતિ નોંધાયેલ છે. છેલ્લા ચાર વર્ષ દરમિયાન કુલ કારીગરોની ટકાવારીમાં ૧૨.૨૨%,૧૨.૭૧%,૧૩.૨૨% તથા ૧૩.૭૫%ની હિસ્સેદારી નોંધવામાં આવી હતી. આ દરેક ટકાવારી ધોળકા તાલુકામાં સૂક્ષ્મ એકમોની પ્રગતિ વિષે માહિતી આપે છે. ધોળકા તાલુકાનાં સૂક્ષ્મ એકમોના અભ્યાસ પરથી કહી શકાય કે રોજગારીની બાબતમાં વર્ષ ૨૦૦૯ પહેલા અને પછીની પરિસ્થિતી નબળી જણાઈ હતી. વર્ષ ૨૦૧૩ થી રોજગારી વધવા પામી હતી. જે જીલ્લા કક્ષાએ તાલુકાના વિકાસનો ચિતાર રજૂ કરે છે. આ પરથી કહી શકાય કે ધોળકા તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીની તકો ચોક્કસ પ્રયત્નો હાથ ધરી વધારી શકાય છે. જે આર્થિક ઉપાર્જન માટેના સ્ત્રોત પૂરા પાડી શકે અને જીલ્લા કક્ષાએ પણ આર્થિક વૃધ્ધિ થઈ શકે .

**૧.૪.૫ સાણંદ તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

અમદાવાદ શહેરી વિસ્તાર પછીનો કોઈ તાલુકો જો સૌથી વધુ રોજગારી પૂરી પાડવામાં સફળ રહ્યો હોય તો તે સાણંદ તાલુકો છે. સાણંદ તાલુકા માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધીનો અહેવાલ કોષ્ટક: ૧.૧ (A તથા B) માં નોંધવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૭ દરમિયાન સાણંદ તાલુકામા ૩૩૧ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે કાર્યરત હતા જે કુલ કારીગરોના ૪.૫૮% જેટલી હિસ્સેદારી આપતા હતા. વર્ષ ૨૦૦૮ દરમિયાન કુલ ૧૧૩૦ રોજગારી સર્જન સાણંદ તાલુકામાં થવા પામ્યું હતું. આ વર્ષે તેની ટકાવારી ૧૫.૬૪% જેટલો ફાળો નોંધાવતી હતી. આમ ગત વર્ષ કરતાં રોજગારીનો આંક લગભગ ચાર ગણો નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૧૭૪૫ જેટલી રોજગારી નોંધવામાં આવી હતી. જે કુલ કારીગરોના ૨૪.૧૬% જેટલી થવા પામી હતી. પાછલા વર્ષની સરખામણીમાં આ ફાળો ૮.૫૨% જેટલો વધારો સૂચવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૦ રોજગારીની બાબતમાં પાછળ રહેલું નોધાયું હતું. આ વર્ષ કુલ ૭૫૨ રોજગારી પૂરી પાડવામાં આવી હતી. જે ૧૦.૪૧% જેટલો ભાગ કુલ કારીગરોનો છે. ગત વર્ષ કરતાં ૧૩.૭૫% જેટલો હિસ્સો ઓછો થવા પામ્યો હતો. ઉપરાંત વર્ષ ૨૦૧૧માં માત્ર ૯૦ રોજગારી નોંધવામાં આવી હતી. જે ૧.૨૫% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. આ વર્ષ પણ ૯.૧૬% જેટલો ઘટાડો થયો હતો. આમ, વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ દરમિયાન સૂક્ષ્મ એકમો રોજગારી સર્જન માટે નબળા રહ્યા હતા. વર્ષ ૨૦૧૨ દરમિયાન કુલ ૧૯૪ રોજગારી નોંધવામાં આવી હતી જે ૨.૬૯% જેટલો હિસ્સો ધરાવે છે. ગત બે વર્ષોની સરખામણીમાં આ વર્ષે રોજગારીનો આંક પ્રગતિકારક રહ્યો હતો. વર્ષ ૨૦૧૩ દરમિયાન કુલ ૭૦૨ રોજગારી સૂક્ષ્મ એકમો દ્વારા પૂરી પાડવામાં આવી હતી. જે ૯.૭૨% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. આ વર્ષે ૭.03% જેટલો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૪ દરમિયાન નવી ૨૮ રોજગારી સર્જન થવા પામી હતી. કુલ ૧૦.૧૧% જેટલી વૃધ્ધિ થવા પામી હતી. આ વર્ષે કુલ ૭૩0 રોજગારી ઊભી થવા પામી હતી. વર્ષ ૨૦૧૫ દરમિયાન કુલ ૭૫૯ રોજગારી ઊભી થવા પામી હતી . આ વર્ષે ૧૦.૫૧%ની હિસ્સેદારી નોંધવામાં આવી હતી. આ વર્ષે ૨૯ નવી રોજગારી સર્જવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬ માટે કુલ ૭૯૦ રોજગારી નોંધવામાં આવી હતી જે પાછલા વર્ષની સરખામણીમાં 0. ૪૨% જેટલો વધારો થવા પામ્યો હતો. સાણંદ તાલુકાનાં સૂક્ષ્મ એકમો વર્ષ ૨૦૦૮, ૨૦૦૯ દરમિયાન સૌથી વધુ રોજગારી નોધવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૧૦, ૨૦૧૧ માટે ઘટવા પામી હતી. વર્ષ ૨૦૧૩થી ૨૦૧૬ દરમિયાન પ્રત્યેક વર્ષે પ્રગતિકારક આંક નોંધવામાં આવ્યો હતો. આમ, સૂક્ષ્મ એકમો દ્વારા આર્થિક ઉપાર્જનની વિપુલ તકો આ તાલુકા દ્વારા ઊભી કરવામાં આવી હતી. છેલ્લા વર્ષોનો વધતો આંક તાલુકાની પ્રગતિ જણાવે છે. ઉપરાંત, આર્થિક વિકાસ માટે જીલ્લા કક્ષાએ પ્રગતિકારક આંક નોંધાયેલ છે.

**૧.૪.૬ રાણપુર તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

**રાણપુર** તાલુકામાં સૂક્ષ્મ એકમો દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધીની રોજગારીની માહિતી કોષ્ટક: ૧.૧(A તથા B)માં રજૂ કરવામાં આવી છે.

રાણપુર અમદાવાદ જીલ્લામાં સૂક્ષ્મ એકમોની દ્રષ્ટિએ અલ્પવિકસિત ગણાવી શકાય. અભ્યાસ હેઠળના પ્રથમ બે વર્ષો ૨૦૦૭ તથા ૨૦૦૮ દરમિયાન રોજગારી વિષે માહિતી ઉપલબ્ધ થતી નથી. વર્ષ ૨૦૦૯ દરમિયાન માત્ર ત્રણ કારીગરો કાર્યરત હતા. જે તાલુકા કક્ષાએ કુલ કારીગરોના ૫.૧૭% જેટલો હિસ્સો જણાય છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૦ દરમિયાન કુલ ૫૫ સૂક્ષ્મ એકમ સાથે જોડાયેલ કારીગરો નોંધવામાં આવ્યા હતા જે ૯૪.૮૩% આંક ધરાવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીજ કોઈ જ આંક ચોપડે નોંધવામાં આવ્યા નથી.

**૧.૪.૭ વિરમગામ તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

**વિરમગામ** તાલુકા માટે સૂક્ષ્મ એકમો દ્વારા રોજગારીની માહિતી મેળવી કોષ્ટક: ૧.૧(A તથા B) માં રજૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ ૨૦૦૭ માટે વિરમગામ તાલુકામાં કોઈજ રોજગારીલક્ષી આંક નોંધવામાં આવ્યો ન હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં ૩૬ કારીગરો સૂક્ષ્મ એકમો સાથે જોડાયેલા નોંધાયા છે. આ આંક ૧૧.૧૭% જેટલો ફાળો તાલુકા કક્ષાએ નોંધવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૫૮ રોજગારી સૂક્ષ્મ એકમોમાં મળી હતી. જે ૧૮% જેટલી હિસ્સેદારી ધરાવે છે. વર્ષ ૨૦૧૦ દરમિયાન કુલ ૧૦ રોજગારી નોંધવામાં આવી હતી. જે ૩.૧૦% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૧ દરમિયાન

© RRIJM 2015, All Rights Reserved 

સૂક્ષ્મ એકમો રોજગારી બાબતે નિષ્ફળ રહ્યા હતા. વર્ષ ૨૦૧૨ દરમિયાન કુલ ૧૩ રોજગારી સૂક્ષ્મ એકમો માટે નોંધવામાં આવી હતી જે સૂક્ષ્મ એકમોની કુલ રોજગારીના ૪.03% જેટલો હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૧૩ દરમિયાન કુલ ૫ નવી તકો સર્જાતા આ વર્ષ દરમિયાન કુલ ૧૮(૫.૫૮%) રોજગારી પૂરી પાડવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪ વિરમગામ તાલુકાનાં સૂક્ષ્મ એકમો માટે પ્રગતિમય રહ્યું હતું. આ વર્ષે કુલ ૬૦ રોજગારી નોંધવામાં આવી હતી જે ૧૮.૬૨% જેટલો હિસ્સો ધરાવે છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧૩.0૪%નો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૫ દરમિયાન કુલ ૬૨ રોજગારી ઊભી થવા પામી હતી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે બે નવી તકો ઉમેરવામાં આવી હતી. આમ, આ વર્ષ દરમિયાન રોજગારીનો આંક તાલુકા કક્ષાના કારીગરોની કુલ સંખ્યાની ૧૯.૩૬% જેટલો નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ દરમિયાન કુલ ૬૫ કારીગરો રોજગાર પામ્યા છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તાલુકા કક્ષાએ રોજગારીની તકોમાં વધારો થવા પામ્યો છે. અગાઉના વર્ષો દરમિયાન વિરમગામ તાલુકો સૂક્ષ્મ એકમોના વિકાસમાં પછાત રહ્યો છે.

**૧.૪.૮ દેત્રોજ – રામપુરા તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

દેત્રોજ – રામપુરા તાલુકાનાં સૂક્ષ્મ એકમો દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ની વિગતો કોષ્ટક : ૧.૧(A તથા B)માં રજૂ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૭માં દેત્રોજ-રામપુરા તાલુકામાં એક પણ એકમ રોજગારીની તક ઊભી કરી શક્યો ન હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં કુલ ૪૮ રોજગારી લક્ષી તકો ઊભી થવા પામી હતી. આ વર્ષે ૧૭.૪૫% રોજગારી કુલ દસ વર્ષના આંકડા માટે જોવા મળી હતી વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૧૩૩ (૪૮.૫૬%) રોજગારી સર્જવામાં આવી હતી. વર્ષ ૨૦૧૦ દરમિયાન પાછલા વર્ષની સરખામણીમાં ૪૨ જેટલી ઓછી તકો નોંધવામાં આવી હતી. આ પ્રમાણ ૩૩.0૯% જેટલી ભાગીદારી છેલ્લા દસ વર્ષની કુલ રોજગારીમાં ફાળો આપે છે વર્ષ ૨૦૧૧ સૂક્ષ્મ એકમો માટે નિષ્ફળ રહ્યું હતું. આ વર્ષે માત્ર ત્રણજ નવી તકો ઊભી થવા પામી હતી જે પાછલા વર્ષની સરખામણી કરતાં ૮૮ જેટલી ઓછી હતી. આમ, પાછલા વર્ષની સરખામણીમાં ૩૨% જેટલો ઘટાડો નોંધાવે છે. વર્ષ ૨૦૧૨ દરમિયાન એક પણ નવી તક ઊભી થવા પામી ન હતી. આમ, વર્ષ ૨૦૦૯ બાદ સૂક્ષ્મ એકમો કથળતી પતિસ્થિતિમાંથી પસાર થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી કોઈજ માહિતી ઉપલબ્ધ થવા પામી નથી. આમ, દેત્રોજ- રામપુરા, તાલુકામાં વર્ષ ૨૦૦૯નું વર્ષ ખુબજ ઉત્કૃષ્ઠ રહ્યું હતું, અન્ય વર્ષો માટે ૨૦૦૮, ૨૦૧૦ તથા ૨૦૧૧ સુધી એકમોમાં નોંધાયેલ રોજગારી વિષે માહિતી પ્રાપ્ત છે. ત્યારબાદના વર્ષો માટે માહિતી ઉપલબ્ધ થતી નથી. આર્થિક વિશ્લેષણની બાબતમાં તાલુકા તથા જીલ્લા કક્ષાએ સૂક્ષ્મ એકમોનું યોગદાન નહિવત નોંધાયું છે.

**૧.૪.૯ ધંધુકા તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

ધંધુકા તાલુકામાં સૂક્ષ્મ એકમો દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીની માહિતી કોષ્ટક: ૧.૧(A તથા B) માં રજૂ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૭ દરમિયાન સૂક્ષ્મ એકમોમાં રોજગારી બાબતે કોઈજ માહિતી ઉપલબ્ધ થતી નથી. વર્ષ ૨૦૦૮માં કુલ ૧૧ તકો પૂરી પાડવામાં આવી હતી જે ૨.૬૯% જેટલી હિસ્સેદારી સૂક્ષ્મ એકમોમાં પૂરી પાડવામાં આવેલી કુલ રોજગારીના હતા. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૩૬૮ રોજગારી ઊભી થવા પામી હતી જે ૮૯.૮૪% જેટલી હિસ્સેદારી નોધાવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં ૮ તકો ઊભી કરવામાં આવી હતી જે ૧.૯૫% નો આંક સૂચવે છે. વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨ માટે કોઈજ રોજગારી ઊભી થવા પામી ન હતી. વર્ષ ૨૦૧૩ દરમિયાન ૭ તકો તથા વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી ૫ નવી તકો ઊભી કરવામાં સૂક્ષ્મ એકમો સફળ રહેવા પામ્યા હતા. આમ, ધંધુકા તાલુકા માટે વિશ્લેષણ મેળવતા વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨ માટે સૂક્ષ્મ એકમો રોજગારી ઊભી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ઉપરાંત છેલ્લા વર્ષો માટે રોજગારીની તકો સ્થિર રહેવા પામી હતી. જે આર્થિક વૃધ્ધિ માં કોઈ વધારો સૂચવતી નથી. પરિણામે જીલ્લા કક્ષાએ પણ તાલુકામાંથી કોઈ વૃધ્ધિ થઈ છે તેમ કહી શકાય નહીં.

**૧.૪.૧૦ માંડલ તાલુકામાં સૂક્ષ્મ એકમોમાં રોજગારીનો અભ્યાસ**

માંડલ તાલુકામાં વર્ષ ૨૦૦૮ દરમિયાન ૨૯ (૫૭.૭૩%) તથા વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધી સૂક્ષ્મ એકમોના રોજગારીલક્ષી આંક સ્થિર રહેવા પામ્યો હતો. આમ, આ તાલુકાનો આર્થિક વિકાસ સ્થિર રહેલ છે. જેની આર્થિક વિકાસમાં કોઈજ અસર નોંધતી નથી. પરિણામે અમદાવાદ જીલ્લામાં પણ માંડલ તાલુકાનું યોગદાન આર્થિક વિકાસમાં ખુબજ સૂક્ષ્મ ફાળો આપતો જણાયું છે.

**૧.૫ રોજગારીનો વિશ્લેષણાત્મક અભ્યાસ**

પ્રત્યેક તાલુકા માટે તેમના દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીની માહિતીનું વર્ષ પ્રમાણે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ વિશ્લેષણ મેળવ્યા બાદ પ્રત્યેક તાલુકા માટે સૂક્ષ્મ એકમો દ્વારા કેટલી સરેરાશ રોજગારી ઊભી થવા પામી છે તથા કયા વર્ષ અને વિસ્તારને આધારે અમદાવાદ જીલ્લામાં તેની આર્થિક અસરોમાં પરીવર્તન થવા પામ્યા છે. તેનો અભ્યાસ મેળવવા પ્રત્યેક તાલુકા માટે સૂક્ષ્મ એકમો દ્વારા પૂરી પાડવામાં આવેલી રોજગારી માટે મધ્યસ્થ તથા તેના પ્રમાણિત વિચલનને આધારે અભ્યાસ હેઠળના એકમોની કુલ વિચલિત કિંમત મેળવી સરખામણી કરવામાં આવી છે. તથા તેને આધારે તારણો મેળવવામાં આવ્યા છે. કોષ્ટક: ૧.૨ વિગતવાર પરિણામો રજૂ કરે છે.

**કોષ્ટક: ૧.૨ અમદાવાદ જીલ્લાનો રોજગારીને આધારે અભ્યાસ**

| રોજગારી | પ્ર. દોષ | મધ્યસ્થ | પ્ર. વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૧.૮૫ | ૧૦.૫૫ | ૫.૮૫ | ૩૪.૧૯ |
| બાવળા | ૪.૯૩ | ૭.૩૮ | ૧૫.૬૦ | ૨૪૩.૪૧ |

© RRIJM 2015, All Rights Reserved

| | | | | |
|---|---|---|---|---|
| દસ્ક્રોઈ | ૨.૭૧ | ૭.૭૭ | ૮.૫૮ | ૭૩.૫૯ |
| ધોળકા | ૨.૩૨ | ૧૦.૦૪ | ૭.૩૩ | ૫૩.૭૧ |
| સાણંદ | ૨.૦૯ | ૧૦.૨૬ | ૬.૬૧ | ૪૩.૬૯ |
| રાણપુર | ૯.૪૪ | 0.00 | ૨૯.૮૫ | ૮૯૧.00 |
| વિરમગામ | ૨.૬૫ | ૮.૩૮ | ૮.૩૮ | ૭૦.૨૯ |
| દેત્રોજ-રામપુરા | ૫.૫૨ | 0.00 | ૧૭.૪૫ | ૩૦૪.૪૩ |
| ધંધુકા | ૮.૮૮ | ૧.૨૯ | ૨૮.૦૭ | ૭૮૭.૮૨ |
| માંડલ | ૫.૫૬ | ૪.૯૮ | ૧૭.૫૮ | ૩૦૮.૯૪ |

પ્રત્યેક તાલુકાનાં પ્રમાણિત વિચલન અને મધ્યસ્થને આધારે તેના ચલનાંકની ગણતરી કોષ્ટક ૧.૨માં દર્શાવવામાં આવી છે. ચલનાંક એ વિચલિત કિંમતોની ટકાવારી રજૂ કરે છે જે આધારે પણ તારણ મેળવવામાં આવ્યા છે.

અભ્યાસ હેઠળના ૧૦ તાલુકા માટે તેમના મધ્યસ્થની સરેરાશ ૭.૫૮ પ્રાપ્ત થાય છે. જે મધ્યસ્થ આંક બને છે. આમ, પ્રત્યેક તાલુકો મધ્યસ્થ આંકથી ઓછો અથવા વધારે પ્રમાણને આધારે તારણ આપે છે. મધ્યસ્થ આંકથી ઓછી કિંમત જે તે તાલુકામાં સૂક્ષ્મ એકમોની રોજગારી ઓછી નોંધાવે છે. જ્યારે મધ્યસ્થ આંકથી વધુ કિંમત ધરાવતા તાલુકા રોજગારીની બાબતે વધુ પ્રયત્નશીલ રહ્યા છે તથા વિકાસ તરફ આગળ રહ્યા છે તેમ કહી શકાય.

અમદાવાદ શહેરી વિસ્તાર માટે તેનો મધ્યસ્થ ૧૦.૫૫ દર્શાવે છે જ્યારે મધ્યસ્થ આંક ૭.૫૮ પ્રાપ્ત થયેલ છે. આમ, અમદાવાદ શહેરી વિસ્તાર માટે તેના મધ્યસ્થની કિંમત મધ્યસ્થ આંક કરતાં વધુ પ્રાપ્ત થાય છે. તે પરથી કહી શકાય કે અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમો રોજગારી બાબતમાં વધુ અગ્રેસર છે તથા વિકાસશીલ રહ્યા છે. આ એકમો દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારી જીલ્લા કક્ષાએ આર્થિક વિકાસ સાધવામાં સફળ પરિણામો આપી રહી છે. અમદાવાદ શહેરી વિસ્તારના એકમો રોજગારી બાબતે કેટલા વિચલિત છે તેનો અભ્યાસ પ્રમાણિત વિચલન તથા ચલનઆંક આધારે કહી શકાય. અમદાવાદ શહેરી વિસ્તાર માટે તેનું પ્રમાણિત વિચલન ૫.૮૫ દર્શાવે છે જે આધારે તેનો ચલનાંક ૩૪.૧૯% મળે છે. અન્ય તાલુકાની સરખામણીમાં આ આંક સૌથી ઓછો નોંધાયેલો છે. ચલનાંકની ઓછી કિંમત સૂક્ષ્મ એકમોમાં રોજગારી વધુ સારી છે તેમ સૂચવે છે. છેલ્લા દસ વર્ષના અભ્યાસમાં અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમો દ્વારા રોજગારીમાં અન્યોન્ય કારણોસર ફેરફાર થયો નથી તથા રોજગારીની તકો વધી રહ્યા તરફ નિર્દેશ કરે છે. આમ, આર્થિક અભ્યાસની બાબતમાં જીલ્લા કક્ષાએ અમદાવાદ શહેરી વિસ્તારના સૂક્ષ્મ એકમોનો ફાળો સૌથી મોટો છે તેમ કહી શકાય.

બાવળા તાલુકા માટે તેના સૂક્ષ્મ એકમોના મધ્યસ્થની કિંમત ૭.૩૮ પ્રાપ્ત થાય છે જે મધ્યસ્થ આંક ૭.૫૮ કરતાં ઓછી નોંધયેલ છે. તાલુકાનાં સૂક્ષ્મ એકમોમાં રોજગારી બાબતે બાવળા તાલુકો મધ્યસ્થ આંકથી ખુબજ નજીકની કિંમત ધરાવે છે તે પરથી કહી શકાય કે બાવળા તાલુકામાં છેલ્લા દસ વર્ષ દરમિયાન સરેરાશ વિકાસ થવા પામ્યો છે જ્યાં રોજગાર લક્ષી વિકાસ સરેરાશ માત્ર કરતાં ઓછો છે જો તાલુકા કક્ષાએ સૂક્ષ્મ એકમો માટે વિકાસલક્ષી પ્રયત્નો હાથ ધરવામાં આવે તો રોજગારીની તકો વધારી શકાય તેમ છે, જે આર્થિક વિકાસ માટે મદદરૂપ બની શકે. તાલુકા કક્ષાએ સૂક્ષ્મ એકમો માટે તેનું વિચલન ૧૫.૬૦ મળે છે. જે પ્રતિ વર્ષ રોજગારીમાં ઓછી સ્થિરતા રજૂ કરે છે. પ્રતિ વર્ષ જેટલી રોજગારીની તકો ઊભી થવી જોઈએ તેના પ્રમાણમા એકમો ઓછા વિકસિત છે. ચલનાંક ૨૪૩.૫૧% જેટલો મળ્યો છે જે સૂક્ષ્મ એકમોની રોજગારીમાં પ્રતિ વર્ષ યોગ્ય રોજગારી સર્જાતી નથી તેનો ચિતાર રજૂ કરે છે. જો પ્રતિ વર્ષ સૂક્ષ્મ એકમોની કાર્યદક્ષતા વધારવામાં આવે તો રોજગારીની વધુ તકો ઊભી કરી શકાય અને પરિણામે આર્થિક ઉપાર્જન વધારી શકાય જે તાલુકા કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ આર્થિક વિકાસ વધારવામાં આગળ ધપશે.

દસ્ક્રોઈ તાલુકા માટે છેલ્લા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધીના રોજગારીના આંકડા માટે તેના મધ્યસ્થની કિંમત ૭.૭૭ પ્રાપ્ત થાય છે. જેનું પ્રમાણિત વિચલન ૮.૫૮ છે. તાલુકા માટે રોજગારીનો વિચલન આંક ૭૩.૫૯ જોવા મળે છે. દસ્ક્રોઈ તાલુકાનાં અભ્યાસમાં તેના મધ્યસ્થ આંકની કિંમત ૭.૭૭ પ્રાપ્ત થાય છે જે મધ્યસ્થ આંક ૭.૫૮ થી વધુ છે જે તાલુકા કક્ષાએ રોજગારીની વધતી છણાવટ રજૂ કરે છે. તાલુકા માટે તેનો વિચલન આંક ૭૩.૫૯% મળે છે જે રોજગારી બાબતે છેલ્લા દસ વર્ષ દરમિયાન તાલુકા કક્ષાએ વિકાસ થયેલ છે તેમ દર્શાવે છે. દસ્ક્રોઈ તાલુકા માટે વધુ એકમો કાર્યરત થવા પામે તો વધુ તકો રોજગારી માટે ઊભી કરી શકાય તેમ છે.

ધોળકા તાલુકાનાં છેલ્લા દસકાના રોજગારી લક્ષી અભ્યાસ માટે મધ્યસ્થ ૧૦.૦૪ મળે છે તથા તેનું પ્રમાણિત વિચલન ૭.૩૩ પ્રાપ્ત થાય છે મધ્યસ્થ આંક થી પ્રાપ્ત મધ્યસ્થની કિંમત વધુ છે. જો તાલુકા કક્ષાએ રોજગારીની બાબતે ઓછો વિકાસ થયાની છબી આપે છે. સૂક્ષ્મ એકમોમાં રોજગારી બાબતે ઓછા પરિવર્તનો થાય છે જે તેના પ્રમાણિત વિચલન પરથી જાણી શકાય છે. ઉપરાંત તાલુકા માટે વિચલન આંક ૫૩.૭૧% નોંધવામાં આવ્યો છે. જે છેલ્લા દસ વર્ષ દરમિયાન રોજગારીના કિસ્સામાં વધુ પરિવર્તનો થયા નથી તેમ દર્શાવે છે. વિચલન આંકની ઓછી કિંમત વર્ષ દરમિયાન રોજગારી માટે વિકાસ ફળદ્રુપ રહ્યો છે. તેનું પરિમાણ આપે છે. સાણંદ તાલુકામાં મધ્યસ્થ કિંમત ૧૦.૨૬ મળે છે. જે મધ્યસ્થ આંકથી વધુ છે જે તાલુકા કક્ષાએ રોજગારીની વધુ તકો પ્રાપ્ત થયેલ છે તેમ દર્શાવે છે. ઉપરાંત તાલુકા માટે તેનું પ્રમાણિત વિચલન ૬.૬૧ નોંધાયેલ છે જે

© RRIJM 2015, All Rights Reserved 

રોજગારીમાં વર્ષ દરમિયાન ઓછા ફેરફારો થયા છે તેમ દર્શાવે છે. તાલુકા માટે તેનો વિચલનાંક ૪૩.૬૯% છે જે પણ અન્ય તાલુકાની સરખામણીમાં સૌથી ઓછો નોંધાયો છે. જે દર્શાવે છે કે છેલ્લા દસ વર્ષ દરમિયાન રોજગારીની વિપુલ તકો તાલુકા કક્ષાએ ઊભી થવા પામી છે. તથા સૂક્ષ્મ એકમો માટે વિકાસ થયો છે, આમ, સાણંદ તાલુકો અન્ય તાલુકાની સરખામણીમાં વધુ ઝડપથી વિકાસ પામી રહ્યો છે તેમ કહી શકાય.

રાણપુર તાલુકા માટે સૂક્ષ્મ એકમોમાં રોજગારીના વિકલ્પો ઉપલબ્ધ ન થતાં તેનું પ્રમાણિત વિચલન અને વિચલન આંક સૌથી વધુ નોંધાયેલ છે.

વિરમગામ તાલુકા માટે છેલ્લા દસ વર્ષના અભ્યાસ માટે તેનું પાયાનું ગણિત મેળવતા ૮.૩૮ તેનો મધ્યસ્થ આંક પ્રાપ્ત થાય છે. જે અમદાવાદ શહેરી વિસ્તાર સાણંદતથા ધોળકા પછી ચોથા ક્રમે સૌથી વધુ પ્રાપ્ત થાય છે જે પરથી કહી શકાય કે રોજગારીની માટે વિરમગામ તાલુકો ચોથા ક્રમે રહેલ છે. તાલુકાનું પ્રમાણિત વિચલન ૮.૩૮ છે. જ્યારે તેનો વિચલન આંક ૭૦.૨૯% રહ્યો છે. આ બંને આંક પ્રાપ્ત ગણિત પરથી કહી શકાય કે તાલુકો રોજગારી બાબતે સ્થિર નથી. તાલુકા કક્ષાએ વિક્સલક્ષી વધુ પ્રયત્નોની જરૂરિયાત છે.

દેત્રોજ-રામપુરા તાલુકાનાં અભ્યાસમાં મધ્યસ્થ આંક શૂન્ય છે. વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ દરમિયાન તાલુકા કક્ષાએ માહિતી પ્રાપ્ત થયેલ છે. અન્ય વર્ષો માટે સૂક્ષ્મ એકમોમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ નથી. પરિણામે તાલુકા કક્ષાએ તેનું વિચલન ૧૭.૪૫ થાય છે અને વિચલનાંક ૩૦૪.૪૩% નોંધાય છે. પ્રાપ્ત માહિતી તાલુકા કક્ષાએ નજીવો વિકાસ દર્શાવે છે. વધુ તકો ઊભી કરવાની તથા સૂક્ષ્મ એકમોનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો જરૂરિયાત જણાય છે. ધંધુકા તાલુકો મંદગતિથી વિકાસ દર્શાવી રહ્યો છે તાલુકા કક્ષાએ રોજગારીની નિમ્ન તકો ઊભી થયેલ છે તથા સૂક્ષ્મ એકમો ખુબજ ઓછા ગતિશીલ રહ્યા છે. તાલુકા માટે રોજગારીનો મધ્યસ્થ ૧.૨૯ પ્રાપ્ત થયેલ છે. જે મધ્યસ્થ આંક ૭.૫૮ કરતાં ખુબજ નાનો છે. ઉપરાંત પ્રમાણિત વિચલનની કિંમત ૨૮.૦૭ તથા વિચલનાંક ૭૮૭.૮૨% પ્રાપ્ત થાય છે. જે જીલ્લા કક્ષાએ સૌથી ઓછી પ્રગતિ દર્શાવે છે. આમ, ધંધુકા તાલુકા માટે સૂક્ષ્મ એકમોનો વધુ વિકાસ થાય તે જરૂરી છે. માંડલ તાલુકા માટે દસ વર્ષના રોજગારીના અભ્યાસમાં માંડલ તાલુકા માટે દસ વર્ષના રોજગારીના અભ્યાસમાં તેનો મધ્યસ્થ ૪.૯૮ પ્રાપ્ત થાય છે. જે મધ્યસ્થ આંક થી ખુબજ ઓછો છે. તેનું પ્રમાણિત વિચલન ૧૭.૫૮ તથા વિચલનાંક ૩૦૮.૯૪% પ્રાપ્ત થાય છે. જે તાલુકામાં સૂક્ષ્મ એકમો દ્વારા ઊભી થતી રોજગારીની તકો મધ્યમ છે તેમ દર્શાવે છે. આમ, જીલ્લા કક્ષાએ આર્થિક વિકાસ માટે તાલુકાનો હિસ્સો ખુબજ ઓછો નોંધવામાં આવ્યો છે. બરવાળા તાલુકા માટે સૂક્ષ્મ એકમોની કોઈજ માહિતી ઉપલબ્ધ થતી નથી. તાલુકા તથા વર્ષ પ્રમાણે સૂક્ષ્મ એકમો દ્વારા ઊભી થતી રોજગારી માટે તેમના વિચરણનું પૃથ્થકકરણ મેળવવામાં આવ્યું છે. જે આધારે તાલુકા પ્રમાણે તથા વર્ષ પ્રમાણે રોજગારીની માહિતી કેટલી વિચલિત છે. તેની પરિકલ્પનાને આધારે તારણ મેળવી શકાય. તાલુકા તથા વર્ષ માટે રોજગારી વિષયક નીચે મુજબ પરિકલ્પનાઓ રચવામાં આવી છે.

$H_{01}$ તાલુકા કક્ષાએ રોજગારી માટે વધુ તફાવત છે.

$H_{02}$ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન તાલુકા કક્ષાએ રોજગારી માટે વધુ તફાવત છે.

કોષ્ટક:૧.૩ વિચરણનું પૃથ્થકરણ

| સ્રોત | SS | df | MS | F | P-કિંમત | F crit |
|---|---|---|---|---|---|---|
| તાલુકા | ૯૧૬.૬૩ | ૧૧ | ૮૩.૩૩ | ૦.૪૧ | ૦.૯૫ | ૧.૮૮૭ |
| વર્ષ | ૫૪૭૮.૭૯ | ૯ | ૬૦૮.૮ | ૨.૯૯૭ | ૦ | ૧.૯૭૬ |
| ત્રુટી | ૨૦૧૦૬.૭૧ | ૯૯ | ૨૦૩.૧ | | | |
| કુલ | ૨૬૫૦૨.૧૪ | ૧૧૯ | | | | |

સૂક્ષ્મ એકમો માટે રોજગારી સંબધિત માહિત આધારે વિચરણના પૃથ્થક્કરણનું કોષ્ટક નીચે મુજબ પ્રાપ્ત થાય છે. જ્યાં ૫% ની સાર્થકતાની કક્ષાએ પરીક્ષણ લેવાય છે. કોષ્ટક: ૧.૩માં પ્રથમ વિચલન તાલુકા વિષયક પરિકલ્પના માટે લેવાયેલ છે. જેમાં F વિતરણની કિંમત ૦.૪૧ પ્રાપ્ત થાય છે. જ્યારે ૫% ની સાર્થકતાની કક્ષા માટે તેની કિંમત ૧.૮૮૭ પ્રાપ્ત થાય છે. આમ $F_{cal}$ની કિંમત $F_{crit}$ કરતાં ઓછી થાય છે. જે પરિકલ્પનાનો સ્વીકાર દર્શાવે છે. તે પરથી કહી શકાય કે તાલુકા કક્ષાએ રોજગારી માટે વધુ તફાવત નોંધાયો છે.

અન્ય પરિકલ્પના વર્ષ આધારિત રોજગારી માટે ફેરફારો થવા પામ્યા છે કે કેમ તેનો અભ્યાસ કરવા માટે લેવાયેલ છે. જે માટેની પરિકલ્પના નીચે મુજબ છે

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન તાલુકા કક્ષાએ રોજગારી માટે વધુ તફાવત છે

કોષ્ટક ૧.૩માં વર્ષ આધારિત વિશ્લેષણનું પૃથ્થકકરણ મેળવવામાં આવ્યું છે તે મુજબ F- વિતરણની ગણતરી કરેલી કિંમત ૨.૯૯૭ પ્રાપ્ત થાય છે જે તેની ૫%ની સાર્થકતાની કક્ષા $F_{crit}$-કિંમત ૧.૯૭૬ કરતાં વધુ જણાય છે. આમ, કોષ્ટક ૧.૩મુજબ પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. જે પરથી કહી શકાય કે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન તાલુકા કક્ષાએ રોજગારી માટે નોંધપાત્ર તફાવત થયો નથી.

ઉપરોક્ત વિશ્લેષણ આધારે કહી શકાય કે અમદાવાદ જીલ્લામાં તાલુકા કક્ષાએ તેના ભૌગોલિક વિસ્તરણને કારણે સૂક્ષ્મ એકમો વધુ વિકાસ પામી શક્યા નથી. જયારે છેલ્લા દસ વર્ષમાં સૂક્ષ્મ એકમો દ્વારા જેટલી રોજગારી

© RRIJM 2015, All Rights Reserved 

ઊભી થવા પામી હતી તે કાર્યરત છે. તાલુકા કક્ષાએ રોજગારીની નવી તકો ઊભી થવા પામી નથી પરંતુ વર્ષ આધારિત જેટલી રોજગારી ઊભી કરવામાં આવી છે તે જીવંત છે. આ પરથી કહી શકાય કે અમદાવાદ જીલ્લાના આર્થિક વિકાસ માટે સૂક્ષ્મ એકમોનો વિકાસ વધારવો જરૂરી છે જેને પરિણામે સ્થાયી રોજગારી ઊભી કરી શકાય છે. જે તાલુકા તથા જીલ્લા કક્ષાએ વધુ આર્થિક સધ્ધરતા સ્થાપિત કરશે.

## References


1. Datt, R. and Sundaram, K.P.M (2007): Indian Economy, S. Chand & Company Ltd, New Delhi
2. Dhar P.N.and Lydall H. (1961): The Role of Small Enterprises in India's Economic Development, AsiaPublishing House, Bombay
3. Anjum B. Ramsing and Verma (2012): "Small Scale Industry: An Engine of Growth, (time period: 1990-91 to 2007-08)", Zenith International Journal of Business Economics & Management Research, Vol:2, Issue 5, p.p.210-221
4. Bansal S (2014): "Small Scale Sector and Its Role in The economic Development", International Research Journal of Commerce and Law (IRJCL) Volume-1, Issue-3 pp.12-23
5. Morris & Sebastian (2011): "Explaining Foreign Direct Investments in Gujarat: A Study Based on an Opinion Survey of Persons Involved in the Foreign Direct Investment Process", IIMA Working Paper No. 2005/02/01. Available at SSRN


© RRIJM 2015, All Rights Reserved